# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદના સાયન્સ સિટી ખાતે મેગા બ્રાહ્મણ બિઝનેસ મીટની ચોથી આવૃત્તિનું ઉદ્ઘાટન કરશે.**
2. **રાજ્યભરમાં હર્ષોલ્લાસ અને ભક્તિભાવપૂર્વક ધૂળેટીના પર્વની ઉજવણી કરાઇ.**
3. **આજે 15 માર્ચે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી કરાશે.**
4. **ભરૂચ જિલ્લાના અહેમદનગરના તળાવમાં ત્રણ બાળકો ડૂબી જતાં એકનું મોત.**
5. **રાજ્યમાં આગામી બે દિવસ મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની હવામાન વિભાગની આગાહી.**

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM BRAHMAN MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદના સાયન્સ સિટીમાં મેગા બ્રાહ્મણ બિઝનેસ મીટની ચોથી આવૃત્તિનું ઉદ્ઘાટન કરશે. કેન્દ્રીય મંત્રી સી.આર. પાટિલ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. 17 માર્ચ સુધી યોજાનારી  સમિટમાં અંદાજે બે લાખ લોકો ઉપસ્થિત રહેવાની શક્યતા છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બ્રાહ્મણ ઉદ્યોગપતિઓ, સાંસ્કૃતિક કલાકારો અને પ્રેરક વક્તાઓ ભાગ લેશે.

આ સમિટ દરમિયાન એક ખાસ 'સંત સંમેલન' પણ યોજાશે, જ્યાં બ્રાહ્મણ સમુદાયના કલ્યાણ માટે ઠરાવો પસાર થવાની અપેક્ષા છે. મુખ્ય આયોજક યજ્ઞેશ દવેએ જણાવ્યું કે, સમગ્ર કાર્યક્રમ દરમિયાન બ્રાહ્મણ ઉદ્યોગપતિઓ દ્વારા સંચાલિત 200 સ્ટોલ તેમના ઉત્પાદનો અને સેવાઓ પ્રદર્શિત કરશે.

## બાઇટ: યજ્ઞેશ દવે – મુખ્ય આયોજક

---

# BJP KAMALAM

બનાસકાંઠામાં આજે કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ બનાસ કમલમનું ઉદ્ઘાટન કરશે. અમારા બનાસકાંઠાના પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના નેતાઓ, ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્ય, જિલ્લા તાલુકા મંડળના આગેવાનો સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે.

---

# DHULETI OVERALL

રાજ્યભરમાં ગઈકાલે પરંપરાગતથી લઈ આધુનિક રીતથી એમ દરેક પ્રકારે ધામધૂમથી ધુળેટીના પર્વની ઉજવણી કરવામાં આવી. ક્લબ , શેરીઓ અને સોસાયટીઓમાં તેમ જ મંદિરથી લઈ અનેક સ્થળે રંગોત્સવની ઉજવણી કરવામાં આવી.

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં ફાગણોત્સવ નિમિત્તે વર્ષો જૂની પરંપરા જાળવી રાખી પૂજા અર્ચના કરાઇ હતી. આ ઉપરાંત ધજારોહણ પણ કરાયું હતું. જિલ્લા કલેકટર અમિત પ્રકાશ યાદવ અને અમદાવાદ રેન્જ આઇજી વિધિ ચૌધરી વહેલી સવારે 4 કલાકે મંગળા આરતીમાં સહભાગી થયા હતા અને જનકલ્યાણ માટે ભગવાન રણછોડરાયજીને પ્રાર્થના કરી.

બીજી તરફ અરવલ્લી જિલ્લાના યાત્રાધામ શામળાજી ખાતે ધુળેટીના પર્વની ઉજવણી કરવામાં આવી. ભગવાન શામળિયાને શ્વેત વાઘા પહેરાવાયા હતા. આ અંગે મંદિરના પૂજારી પરેશભાઈએ વધુ માહિતી આપી.

## (બાઈટ : પરેશભાઈ, પૂજારી, શામળાજી મંદિર)

હોળી ધૂળેટીના પર્વ નિમિત્તે અનેક પ્રકારની ધાર્મિક અને સામાજિક પરંપરાઓ આજે પણ ગ્રામ્ય વિસ્તારમાં જળવાઈ રહી છે. પાટણ જિલ્લાના રાજપુર ગામમાં ધુળેટીના પર્વે પરંપરાગત હાથિયા ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શણગારેલા ટ્રેકટરમાં હાથિયારો કાઢવામાં આવ્યા અને પરંપરાગત રીતે ગામની પ્રદક્ષિણા કરાઈ. આ દરમિયાન મહિલાઓએ હાથિયાના વધામણા કર્યા.

છોટાઉદેપુરમા સરકારી હોળી તરીકે જાણીતી હોળી પ્રગટે છે. જેના બીજા દિવસે ચૂલનો મેળો યોજાયો. અંદાજે 105 વર્ષથી યોજાતા આ મેળામાં છોટાઉદેપુર નગરની તથા આસપાસના ગામડાની પ્રજા મેળાનો આનંદ માણવા ઉમટ્યા હતા. છોટા ઉદેપુર જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે આ મેળામાં માનતા ફળતા આદિવાસીઓ અંગારા ઉપર ચાલે છે. અને બાધા પૂર્ણ કરે છે.

---

# CONSUMER RIGHTS DAY

આજે 15 માર્ચે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ એ બધા ગ્રાહકોના મૂળભૂત અધિકારોને પ્રોત્સાહન આપવાની અને તે અધિકારોને આદર અને સુરક્ષિત રાખવા માટે પ્રોત્સાહિત કરવાની તક છે. વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ સૌ પ્રથમ 1983માં મનાવવામાં આવ્યો હતો. આ તારીખ 15 માર્ચ, 1962ના રોજ અમેરિકન સંસદમાં પ્રમુખ જ્હોન એફ. કેનેડીના સંબોધનની યાદમાં પસંદ કરવામાં આવી હતી , જ્યાં તેઓ ઉપભોક્તા અધિકારોને ઔપચારિક રીતે માન્યતા આપનારા પ્રથમ વિશ્વ નેતા બન્યા હતા.

આ વર્ષના વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની થીમ છે, 'અ જસ્ટ ટ્રાન્ઝિશન ટુ સસ્ટેઇનેબલ લાઇફસ્ટાઇલઝ .' આ વિષય તમામ ગ્રાહકો માટે સંતુલિત અને તંદુરસ્ત જીવનશૈલીની પસંદગીઓ ઉપલબ્ધ, સુલભ અને વાજબી બનાવવાની તાતી જરૂરિયાતને પ્રતિબિંબિત કરે છે. કેન્દ્ર સરકારના ગ્રાહક બાબતોના વિભાગે ગ્રાહકોને સશક્ત બનાવવા, ફરિયાદ નિવારણ વ્યવસ્થાને મજબૂત કરવા તથા પારદર્શક અને વાજબી બજારને સુનિશ્ચિત કરવા માટે કેટલીક નવી પહેલો અને નીતિઓ પ્રસ્તુત કરી છે . વર્ષ 2024માં, મુખ્ય વિકાસમાં ઇ-કોમર્સ નિયમનોમાં સુધારો, ડિજિટલ ગ્રાહક સુરક્ષા, ઉત્પાદન સલામતી ધોરણો અને ટકાઉ વપરાશની પહેલનો સમાવેશ થાય છે.

---

# BHARUCH CHILD DEATH

ભરૂચ જિલ્લાના નંદેલાવ અને રહાડપોર વચ્ચે આવેલા અહેમદનગર પાસેના તળાવમાં ત્રણ બાળકો ડૂબી જતાં એકનું મોત થયું છે. માછલી પકડવા જતાં ત્રણ બાળકો ડૂબ્યાં હતા. જેમાં એકને બચાવી લેવાયો હતો. જ્યારે એકનો મૃતદેહ મળી આવ્યો હતો અને અન્ય એકની શોધખોળ હજુ ચાલી રહી છે.

---

# WEATHER

રાજ્યભરમાં આગામી બે દિવસ મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી છે. દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છનાં કેટલાંક વિસ્તારમાં અતિશય ગરમીનું મોજું ફરી વળવાની એટલે કે, હીટવેવની શક્યતા છે. ત્યારબાદના દિવસોમાં તાપમાનમાં કોઈ ફેરફાર જોવા નહીં મળે.

---

# DIV CISF RALLY

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતેથી CISF દ્વારા સુરક્ષિત તટ સમૃદ્ધ ભારતના સંદેશ સાથે 125 લોકોની સાયકલ રેલીનું પ્રસ્થાન કરાયું. આ સાયકલ રેલી ગુજરાત, દમણ , મહારાષ્ટ્ર, કર્ણાટક કેરળ થઈને આગામી પહેલી એપ્રિલે કન્યાકુમારી પહોંચશે. આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ તટીય વિસ્તાર પર ચાલી રહેલ ગેરકાયદે કામગીરીને અટકાવી અને લોકોને સુરક્ષા આપવાનો છે.

આ અંગે CISFના અધિકારી વી.એસ. પરિહારે વધુ માહિતી આપી.

**(બાઇટ: V.S. Parihar - CISF ઓફિસર)**

---

# SABARKANTHA EXAM

સાબરકાંઠામાં ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ગુજકેટની  પરીક્ષા સ્વચ્છ અને શાંત વાતાવરણમાં યોજાય તે હેતુથી પરીક્ષા કેન્દ્ર પર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા અન્વયે જિલ્લા મેજીસ્ટ્રેટ લલિત નારાયણ સિંઘ સાંદુ એ પ્રતિબંધિત હુકમો ફરમાવ્યા છે.

પરીક્ષા સમય દરમિયાન તથા પરીક્ષા પૂર્ણ ન થાય ત્યાં સુધી પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઇપણ વ્યકિત મોબાઇલ ફોન, પેજર, કોર્ડલેસ ફોન, કેલ્યુલેટર, સ્માર્ટ વોચ, ટેબલેટ, સ્માર્ટ પેન કે અન્ય કોઇપણ પ્રકારના ઇલેક્ટ્રોનિક ઉપકરણો અને અનઅધિકૃત લેખન સામગ્રી સાથે લઈ જઈ શકાશે નહીં.

---

# RAJKOT–SEMINAAR

રાજકોટના જસદણમાં સરકારી તાલુકા પુસ્તકાલય ખાતે પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાની ઉપસ્થિતિમાં સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન સેમિનાર યોજાયો.

આ પ્રસંગે શ્રી બાવળિયાએ જણાવ્યું,  યુવાનો સરકારી નોકરીઓમા જોડા ય અને રાજ્ય તેમજ દેશની સેવા કરી શકે તે માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને સાહિત્ય મળી રહે તે હેતુથી આ સેમિનાર  યોજાયો. દરમિયાન તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં સતત આગળ વધવા પ્રોત્સાહન પુરૂ પાડયું હતું.

---

# SURAT–FIRE

સુરતમાં ગઈકાલે બે જગ્યાએ આગની ઘટના બની હતી. સુરત નાં અમારાં પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે , સચિન હોજીવાલા વિસ્તાર ની પ્લાસ્ટિક અને પ્લેટિનિયમ ઇન્ટરનેશનલ કાપડની મિલમાં આગનો બનાવ બન્યો હતો.

મિલમાં વિસ્ફોટથી શોર્ટ સર્કિટ થતાં મિલમાં પડેલા યાર્નના જથ્થામાં આગ લાગી હતી, જે બાજુમાં આવેલી અન્ય એક મિલમાં પ્રસરી હતી. બંને કંપનીમાં પડેલી વસ્તુ ખૂબ જ જ્વલનશીલ હોવા નાં કારણે આગ ખૂબ ઝડપથી પ્રસરી હતી. જોકે અગ્નિશમન દળની ત્રણથી વધુ ગાડીઓએ ઘટનાસ્થળે પહોંચી આગ કાબૂ માં લીધી.

બીજી તરફ ગભેણી વિસ્તારમાં આવેલા એક ગોડાઉનમાં પણ ભીષણ આગ લાગી. સદનસીબે આ બંને ઘટનામાં કોઈ જાનહાનિના કોઈ સમાચાર નથી.

---